# પાલનપુર પોલીસ હેડ ક્વાર્ટસમાં મધ ઉડયું

## તાલીમાર્થીઓને ભમરા કરડતાં દોડધામ : ૧૦ને સારવાર અર્થે ખસેડાયા

પાલનપુર પોલીસ હેડ ક્વાર્ટસમાં મધ ઉડતા તાલીમાર્થીઓને ભમરા કરડતાં ભારે દોડધામ મચી ગઈ હતી. દરમિયાન, ભમરા કરડતાં ઈજાગ્રસ્ત ૧૦ તાલીમાર્થીઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.





પાલનપુર પોલીસ હેડ કવાર્ટસમાં વૃક્ષો તેમજ લીલીઝાડી વધુ હોવાથી ભમરીયા મધ જોવા મળી રહ્યા છે. જ્યાં શુક્રવારે કેટલાક યુવકો પોલીસની ટ્રેનીંગ લઈ રહ્યા હતા. દરમિયાન અચાનક મધ ઉડ્યું હતુ. અને મધમાખીઓ આ યુવકોને કરડતાં ભારે દોડધામ મચી ગઈ હતી. જેમાં પોલીસની ટ્રેનીંગ લઈ રહેલા ૧૦ યુવકોને મધમાખીઓએ ડંખ માર્યા હતા. જે પૈકી એક યુવક બેભાન બની ગયો હતો. દરમિયાન ઘટનાસ્થળે પહોચેલી ૧૦૮ની ટીમ દ્વારા મધમાખીઓ ડંખનો ભોગ બનેલા યુવકોને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. મધમાખી ઓના હૂમલાને પગલે ભારે અફરાતફરી મચી ગઈ હતી.

# અછતગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે ઈન્ટર મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમ

## બે દિવસમાં અછતગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઇ સમીક્ષા કરશે

સરહદી બનાસકાંઠા જીલ્લાના નવ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરાયા છે. ત્યારે



આજે અછતગ્રસ્ત વિસ્તારો ની મુલાકાતે ઈન્ટર મિનિસ્ટ્રિયલ સેન્ટ્રલ ટિમ આવી હતી. જે ટિમ બે દિવસની મુલાકાત દરમિયાન અછતગ્રસ્ત વિસ્તારોનું જાતનિરીક્ષણ કરી પરિસ્થિતિની સમીક્ષા કરશે.

અછતની પરિસ્થિતી અંગે પાલનપુર ખાતે ઈન્ટર મિનિસ્ટ્રિયલ સેન્ટ્રલ ટીમની જિલ્લાના અધિકારીઓ સાથે મિટીંગ યોજાઈ હતી. જેમાં બનાસકાંઠા કલેક્ટરએ પ્રેઝન્ટેશન દ્વારા જિલ્લાની પરિસ્થિતી અને હાથ ધરવામાં આવેલ વિવિધ કામગીરીઓની વિગતો રજુ કરી હતી. જેમાં જિલ્લાના દરેક તાલુકાઓમાં થયેલ વરસાદ, દાંતીવાડા,સીપુ અને મુક્તેશ્વર ડેમમાં પાણીની પરિસ્થિતી, પાણીની તીવ્ર અછત અને તંગી ધરાવતા ગામો સહિતની સમગ્ર પરિસ્થિતી અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક બાદ કેન્દ્ર સરકારની ટીમ બનાસકાંઠા ના વાવ થરાદ સુઈગમ વિસ્તારોમાં મુલાકાત લેશે. અને કેન્દ્ર સરકારને રિપોર્ટ આપશે. આજે આ ટીમ થરાદ ના પીલૂડાં ગામ ખાતેથી સમીક્ષા મુલાકાત કરશે. આ ટીમમાં કેન્દ્ર સરકારના ફૂડ કોર્પોરેશન વિભાગના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રીનિવાસન, નીતિ આયોગ વિભાગના ડાયરેકટર સુખગીત કૌર, પશુપાલન વિભાગના એફ.આઈ.આર.ઓ એન.સી.મેથ્યુ, જિલ્લા કલેકટર સંદીપ સાંગલે સહિત જીલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહી મુલાકાત કરશે.

# સાબરકાંઠા જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદાયા બાદ અડધા ખેડૂતોને નાણાં ચુકવાયા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના છ કેન્દ્રો પરથી એકમાસ અગાઉ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો પ્રારંભ કરાયા બાદ ખેડૂતોએ અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો છે. ત્યારે એક માસ બાદ પણ જે ખેડૂતોએ મગફળી વેચી છે તે પૈકી ૫૦ ટકા ખેડૂતોને હજુ સુધી મગફળીના નાણાં મળ્યા નથી જેના માટે રાજ્યના પુરવઠા નિગમ પર ખેડૂતો રોષ ઠાલવી રહ્યા છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના ૬ એટલે કે તલોદ, સલાલ, હિંમતનગર, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા કેન્દ્ર પરથી એક માસ અગાઉ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે એટલે કે પ્રતિ ૨૦ કિલોના ૧ હજારના ભાવે મગફળી ખરીદવામાં આવી રહી છે. શરૂઆતના તબક્કામાં બારદાનની રામાયણને કારણે ખરીદીની કામગીરી મંથરગતિએ ચાલતી હતી. જેના કારણે મગફળી વેચવા આવતા ખેડૂતોને આખો દિવસ બગાડવો પડતો હતો. પછી જ્યારે બારદાનનો જથ્થો આવી ગયા બાદ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવનાર ખેડૂતોને ધીમા સર્વરને લીધે નવી આપદા વેઠવી પડે છે.

બીજી તરફ અત્યાર સુધીમાં આ છ કેન્દ્રો પરથી મગફળી વેચનાર ખેડૂતો પૈકી ૫૦ ટકા ખેડૂતોને અંદાજે રૂ. ૨૧ કરોડ ચુકવાયા છે. બાકીના અંદાજે ૨૭ કરોડ ક્યારે મળશે તે તો રાજ્યનુ પુરવઠા નિગમ નિર્ણય કરી ખેડૂતોને ચુકવણી કરે ત્યાં સુધી મગફળી વેચનાર ખેડૂતોને પરાણે રાહ જોવી પડશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં પુરવઠા નિગમ દ્વારા જિલ્લાના અંદાજે ૫૬૫૮ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવી છે.

# પાલનપુરની મોદી હોસ્પિટલમાં યુવકના મોત બાદ હોબાળો

## તબીબની બેદરકારીથી યુવકનું મોત નીપજ્યું હોવાના આક્ષેપો

પાલનપુરની મોદી ઓર્થોપેડિક લાઈફકેર હોસ્પિટલમાં એક દર્દીનું મોત નીપજ્યું હતું. જે દર્દીનું મોત તબીબની બેદરકારી થી નીપજ્યું હોવાના આક્ષેપો સાથે મૃતકના સ્વજનોએ હોબાળો મચાવ્યો હતો.

મૃતકના સ્વજનના જણાવ્યા મુજબ, વડગામ તાલુકાના કોદરાલી ગામના નરેશ પરમાર નામના યુવકનો બે માસ પૂર્વે અકસ્માત થયો હતો. ત્યારે પગમાં સળિયો નાખ્યો હતો. જે પગમાં રહેલો સળિયો કઢાવવા તેને મોદી ઓર્થોપેડિક હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં સારવાર દરમિયાન નરેશ પરમારનું મોત થતાં પરીવારજનોએ હોબાળો કર્યો હતો.



ઓપરેશન પહેલા બેહોશ કરવા આપેલા ઘેનનો ડોઝ વધુ પડવાથી યુવકનું મોત થયું હોવાના આક્ષેપ સાથે પરિવારજનો એ ભારે હોબાળો મચાવ્યો હતો. મૃતકના પરિવારજનો હોસ્પિટલના તબીબ ડૉ. મિલન મોદી સામે પોલીસ કેસ કરવાની માંગ કરી હતી. જોકે, અંતે સમાધાન થતા ઘી ના ઠામમાં ઘી ઢળ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લામાં ઠંડી વધતા લોકો ઠુંઠવાયા

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી શરૂ થયેલી ઠંડીને લીધે લોકોએ તેના ચમકારાની અસરને કારણે આખો દિવસ ફુંકાઈ રહેલા પવનથી વધુ અનુભવ કર્યો હતો. શનિવારે હિંમતનગરનું તાપમાન અંદાજે ૧૫ સેલ્સિયસ રહેવા પામ્યું હતું. જેને લઈને બજારોમાં પણ તેની અસર વર્તાઈ હતી. જોકે ઠંડીના ચમકારાને લીધે શિયાળુ પાકને ફાયદો થશે.

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી ઠંડીના પ્રમાણમાં ઉત્તરોત્તર થઈ રહેલા વધારાને કારણે લોકોએ ઠંડીથી રક્ષણ મેળવવા માટે ગરમ

## દિવસે પવન ફૂંકાતા ઠંડી વધુ અનુભવાઈ

કપડાનો ઉપયોગ શરૂ કરી દીધો છે. તો બીજી તરફ દિવસે અને રાત્રે ફુંકાઈ રહેલા પવનને કારણે ઠંડી વધુ અનુભવાતા જિલ્લાવાસીઓ દિવસે પણ ગરમ કપડા પહેરી રાખે છે.

દરમ્યાન હાથમતી કેનાલમાં શિયાળુ પાક માટે છોડાયેલા પાણીને કારણે ગામડાના સિમાડાઓમાં સાંજે ચાર વાગ્યાથી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જમીનમાં પિયત થવાને કારણે વાતાવરણ ઠંડુગાર બની જાય છે. જેના લીધે વહેલી સવારે ઝાકળ પડતા ઠંડી પણ બેવડાઈ જાય છે. જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા પંથકમાં પણ ઠંડીની અસરો વર્તાઈ રહી છે. બીજી તરફ મીની કાશ્મીર તરીકે ઓળખાતા વિજયનગર પથંકમાં રાત્રે અને દિવસે સતત અનુભવાતી ઠંડીને લીધે ખાસ કરીને વૃદ્ધો ઘરમાંથી બહાર નીકળવાનું નામ લેતા નથી તેવી જ હાલત અશક્ત અને બાળકોની પણ છે. આગામી દિવસોમાં હજુ પણ ઠંડી વધવાની હવામાન વિભાગ દ્વારા કરાઈ રહેલી આગાહીને કારણે આખુ સાબરકાંઠા ઠંડુગાર બની જશે.

જો કે જેમ જેમ ઠંડીના પ્રમાણમાં વધારો થશે તેમ તેમ શિયાળુ પાક ગણાતા ઘઉં, વરીયાળી, દિવેલા તથા ચણાના પાકને વધુ ફાયદો થશે ઉપરાંત બટાકાના પાકને પણ ઠંડીથી ફાયદો થવાનો છે.

# બાયડમાં સાડીની દુકાનમાં તસ્કરો હાથફેરો કરી ગયા

બાયડ નગરમાં તસ્કરો પોલીસને જાણે પડછાટ આપતાં હોય ઘણા સમય બાદ ફરી ચોરીને અંજામ આપ્યો હતો.શુક્રવાર રાત્રી દરમ્યાન અજાણ્યા ઈસમો દ્વારા સાડીઓની દુકાનમાંથી સાડીઓ તેમજ રોકડ રકમ સહીત ૧૯ હજારની મુદ્દામાલની ચોરી કરી પલાયન થઇ ગયા હતાં.ચોરીની ઘટનાને પગલે નગરના વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો હતો.

બાયડ નગરમાં છેલ્લાં ઘણા સમયથી શાંત પડેલી ચોરીની ઘટનાઓ પુનઃ શરૂ થઈ જવા પામી છે. શુક્રવારે રાત્રિ દરમ્યાન બાયડના બજાર વિસ્તારમાં આવેલી સાંવરિયા સાડી સેન્ટર નામની દુકાનમાંથી અજાણ્યા ઈસમે શટરનું તાળુ તોડી દુકાનમાં પ્રવેશ કર્યો હતો. તેમજ દુકાનમાંથી ૧૫ જેટલી સાડીઓ અને ૪૦૦૦ હજાર રોકડ મળી ૧૯ હજારના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરીની ઘટનાને પગલે બાયડ નગરના વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. દુકાન માલિક કમલેશભાઈની ફરિયાદને આધારે બાયડ પોલીસે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ચોરીનો ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લા શાળા સંચાલક મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ભિલોડા,તા.૧૬

સાબરકાંઠા જીલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સંચાલક મંડળની વાર્ષિક સાધારણ સભા તા.૧૮/૧૨/૨૦૧૮ ને મંગળવારના રોજ અધ્યક્ષ ચતુરસિંહ એમ.ચૌહાણના અધ્યક્ષસ્થાને વક્તાપુર મુકામે યોજાશે. સંચાલક મંડળના પ્રમુખ રમેશભાઈ કે.પટેલ, મહામંત્રી કચરાભાઈ એસ.પ્રજાપતિ, જીલ્લા લઘુમતી સેલના કન્વીનર મહમંદ હુસેનભાઈ શેખ, સંગઠન મંત્રી કેશુભાઈ પી.પટેલ સહિત સંચાલક મંડળના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે જેમાં માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક વિભાગના પ્રશ્નોમાં આચાર્યની ભરતી, પટાવાળા, ક્લાર્ક, પ્રવાસી શિક્ષકો, પગારગ્રાન્ટ, નિભાવગ્રાન્ટ ફાજલ શિક્ષકોના પ્રશ્નોની ચર્ચા-વિચારણા થશે આ અંગે જે કોઈ માહિતી સંચાલિત મંડળએ લેખિત રજુઆત કરવાની રહેશે જેથી સાબરકાંઠા જીલ્લા શાળા સંચાલક મંડળના હોદ્દેદારો, સંચાલકોએ મોટી સંખ્યામાં વક્તાપુર મુકામે સુરભી હોટલમાં હાજર રહેવા અનુરોધ કરાયો હતો.

# બાયડના સાઠંબા ગામે વિદેશી દુલ્હન સાથે દેશી દુલ્હાના હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી પ્રભુતાના પગલાં માંડ્યા

બાયડ, તા. ૧૬

સાત સમુંદર પાર પ્રાંગરેલો પ્રેમ લગ્નમાં પરિણમતા અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબા ગામનો દક્ષાંગ પ્રજાપતિ બેંગકોક પતાયા ટુરીરીઝમના ધંધાર્થે સંકળાયેલો છે. યુવાનને ખાતે હિન્દુ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે ગણેશ ગ્રહશાંતિ અને લગ્ન વિધિ યોજાઈ હતી. વિદેશી યુવતી સાથે લગ્ન યોજાતા પ્રજાપતિ સમાજના પરિવારજનોમાં આનંદ છવાયો હતો અને તેના પરિવારજનો પણ વિદેશી યુવતીના લગ્નથી ખુશ છે. સાઠંબાના યુવાન



તસવીર : મેહુલ જોષી

બેંગકોંકની યુવતી સાથે નીમ નામની યુવતી સાથે આંખ મળી જતા ત્રણ વર્ષના ગાઢ સંબંધો પછી બંનેએ લગ્ન કરવાનું નક્કી કરતા દેશી દુલ્હો અને વિદેશી દુલ્હન તેમના માતા-પિતાને મનાવવામાં સફળ રહેતા બંને પરિવારોની સંમત્તિથી રવિવારે સાઠંબા ગામે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિથી લગ્નગ્રંથિથી જોડાયા હતા. વિદેશી દુલ્હનને જોવા મોટી સંખ્યામાં પ્રજાજનો ઉમટ્યા હતા.

સામાન્ય રીતે ભારતના યુવાનો વિદેશમાં સ્થાયી થવાની સાથે વિદેશી યુવતીઓ સાથે લગ્ન કરી દેશમાં પાછું વાળીને પણ ત્યારે બાયડના સાઠંબા ગામનો યુવાન દક્ષાગ પ્રજાપતિ બેંગકોકના પતાયા ખાતે ટુરિઝમના ધંધાર્થે સેટ થતા પતાયાની યુવતી નીમ સાથે પ્રેમ થઈ જતા યુવક-યુવતીએ લગ્ન કરવાનું નક્કી કરતા રવિવારે પતાયાની નીમ નામની યુવતીએ દક્ષાગ પ્રજાપતિ ના માદરે વતન સાઠંબા સાથે સપ્તદીના ફેરામાં બંધાયેલી બેંગકોક પતાયાની વિદેશી દુલ્હન નીમે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ અને કૌટુંબિક ભાવનાથી આકર્ષાઈ પોતાનો દેશ છોડી નાનકડા ગામડાના દક્ષાગ સાથે માતા-પિતાની મંજૂરી લઈ લગ્ન ગ્રંથીથી જોડાઈ છું અને ખુબજ ઉત્સાહી સાથે ખુશીની લાગણી અનુભવું છું.

વિદેશી યુવતી સાથે પ્રેમલગ્ન કરનાર દક્ષાગ સાથે વાત કરતા ઉત્સાહ સાથે જણાવ્યું હતું કે ખાસ કરીને વિદેશમાં ભારતીય યુવાનોના સંસ્કાર અને સ્વભાવથી યુવતીઓ બહુ આકર્ષિત થતી હોય છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસોથી વિદેશમાં રહેતા ભારતીયો પ્રત્યે વિદેશીઓ બહુ પ્રેમ અને આદરની લાગણીઓ વધી છે જેના પગલે આજે એક વિદેશમાં જન્મેલી અને ત્યાંજ ભણીને સ્થાયી થયેલ નિમ એક ભારતીય સાથે ભારતમાં યુવકના વતનમાં આવી હિન્દુ વિધિ પ્રમાણે લગ્ન કરવા તૈયાર થઈ હતી.



## વડગામમાં શિક્ષકે છાત્રને માર માર્યો હોવાની રાવ

વડગામમાં વિદ્યાર્થીને શિક્ષકે સ્ટેમ્પ વડે ફટકાર્યો હોવાની ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પાલનપુરનો હિમાંશુ દિનેશભાઈ સેંગલ નામનો વિદ્યાર્થી વડગામની કેસરબા જાડેજા હાઈસ્કુલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. જે વિદ્યાર્થીને પ્રશ્નનો જવાબ બરાબર ના આવડત શિક્ષકે ફટકાર્યો હોવાની ઘટના પ્રકાશમા આવી છે. શિક્ષકે પગ પર સ્ટમ્પ ફટકારતા વિદ્યાર્થીને ઈજા થઇ હતી. ત્યારે ઈજગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. દરમિયાન, વાલીએ કસૂરવાર શિક્ષક સામે પગલા ભરવાની માંગ કરી હતી.

# ભિલોડા પોલીસ દ્વારા પેટ્રોલીંગ દરમિયાન વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૧૬

એક તરફ શિયાળાની ફુલ ગુલાબી કાતીલ તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગાત્રો થીજવતી ઠંડીનો ચમકારો દિન-પ્રતિ-દિન વધતાં જન જીવન અસ્ત વ્યસ્ત થઈ રહ્યું છે. હજુ પણ કાતીલ તીવ્ર ઠંડીનો ચમકારો વધવાની સંભાવના છે. દેશી-વિદેશી દારૂની માંગનું પ્રમાણ વધતાં બુટલેગરો અવનવા કીમીયા અપનાવી પ્રતિબંધીત વિસ્તારમાં બુટલેગરો ધ્વારા ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગરનો વિદેશી દારૂ વેચાણ અર્થે ઘુસાડવામાં આવી રહ્યો છે. ગુજરાત રાજયની સરહદી વિસ્તારમાં આવેલા ભિલોડા તાલુકાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોના વિવિધ ધોરીમાર્ગો બુટલેગરો માટે સ્વર્ગ સમાન પુરવાર થઈ રહ્યા છે. પોલીસએ લાલ આંખ કરતાં બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પો.સ.ઈ. એ.જે.ચૌહાણ, એમ.આર.સંગાડા તેમજ પોલીસ સ્ટાફએ પેટ્રોલીંગ દરમ્યાન પાલીસોડા બોર્ડર પાસે, આંબાબાર ધોરીમાર્ગ ઉપરથી બજાજ પલ્સર હાઈસ્પીડ ધરાવતી બાઈક ઉપર બે ઈસમો વિદેશી દારૂ વેચાણ અર્થે લાવી રહ્યા હતા.

પોલીસને જોઈને વિદેશી દારૂ ભરેલા થેલા, બાઈક ધોરીમાર્ગ ફેંકી વિદેશી દારૂની હેરાફેરી કરતા બે ઈસમો પલાયન થઈ ગયા હતા. અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની અને બીયરની બોટલો નંગ-૭૦ કિંમત રૂા.૧૮,૬૦૦/- તેમજ બજાજ પલ્સર બાઈક નંબર.જી.જે.૨૭. એ.જે. ૯૦૮૦ ની કિંમત રૂા.૨૦,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૩૮,૬૦૦/- નો મુદ્દામાલ સ્થળ ઉપર મુંકી બંન્ને ઈસમો પોલીસની રેડ દરમ્યાન પલાયન થઈ ગયા હતા. પોલીસએ પ્રોહીબીશન એક્ટ મુજબ બે ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગર વિભાગ અને અરવલ્લી જીલ્લા પોલીસ વડાની સુચના અનુસાર ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગરનો વિદેશી દારૂની હેરાફેરી કરતા પકડાયેલ બે ઈસમો પોલીસને જોઈને પલાયન થઈ જનાર બે ઈસમો વિરૂધ્ધ કેસ રજીસ્ટર કરી પ્રોહીબીશનનો કેસ શોધવામાં ભિલોડા પોલીસને સફળતા મળેલ છે.

# પાલનપુરમાં એકટીવાની ડેકીમાંથી આઠ લાખ ભરેલો થેલો લઈ ગઠિયો ફરાર

## ચાલક એકટીવાનું પંકચર કરાવી રહ્યા હતા ત્યારે ગઠીયાએ હાથ અજમાવ્યો

પાલનપુર- ડીસા હાઈવે નજીક એક વ્યકિત પોતાના એકટીવાના ટાયરમાં પડેલુ પંકચર કરાવી રહ્યા હતા. દરમિયાન અજાણ્યો શખ્સ તેમની નજર ચૂકવી એકટીવાની ડીકીમાં પડેલો રૂપિયા આઠ લાખ ભરેલો થેલો લઈ ફરાર થઈ ગયો હતો. આ અંગેની જાણ થતાં ચાલકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પાલનપુર ખાતે રહેતા દશરથભાઈ પટેલે શુક્રવારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાંથી રૂપિયા આઠ લાખ ઉપાડી થેલામાં મુક્યા હતા. જે થેલો એકટીવાની ડીકીમાં મુકી પાલનપુર- ડીસા હાઈવે ઉપરથી પસાર થઇ રહ્યા હતા. દરમિયાન એકટીવાના ટાયરમાં પંકચર પડતાં તેઓ હાઈવે નજીક દુકાનમાં પંકચર કરાવી રહ્યા હતા. તે દરમિયાન કોઇ અજાણ્યો શખ્સ તેમની નજર ચૂકવી રૂપિયા આઠ લાખ ભરેલો થેલો લઈ છુમંતર થઇ ગયો હતો. આ અંગેની જાણ થતાં બેબાકળા બનેલા દશરથભાઈએ બુમાબુમ કરી મુકી હતી. જોકે, અજાણ્યા શખ્સનો કોઇ પત્તો ન લાગતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### ભેજાબાજે રેકી કરી હોવાનું અનુમાન

પાલનપુરમાં બેંકોમાંથી નાણાં ઉપાડીને બહાર નીકળતાં વ્યકિતઓ સાથે અવાર- નવાર નાણાંની ચોરીની ઘટનાઓ બની રહી છે. જ્યાં દશરથભાઈ પટેલ સાથે બનેલા કિસ્સામાં અજાણ્યા શખ્સે તેમની રેકી કરી એકટીવાનો પીછો કરી ઘટનાને અંજામ આપ્યો હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

### પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા

રૂપિયા આઠ લાખની ચોરી કરનારા શખ્સનું પગેરૂ મેળવવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે. જેમાં શનિવારે હાઈવે નજીક આવેલી હોટલોના સીસીટીવી કેમેરાના ફુટેજ તપાસમાં આવ્યા હતા.

## નવાભગા ગામેથી કિશોરીનું અપહરણ થતા ફરીયાદ

વિજયનગર તાલુકાના નવાભગા ગામેથી શુક્રવારે એક અજાણ્યો શખ્સ સ્કૂલમાંથી આવી રહેલી કિશોરીને અગમ્ય કારણોસર બાઈક પર બેસાડી અપહરણ કરી લઈ ગયાની ફરીયાદ વિજયનગર પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે નવાભગા ગામના વનરાજભાઈ કાવજીભાઈ બોડાતે મુજબ શુક્રવારે તેમની તેર વર્ષની દિકરી જયાબેન સ્કૂલમાંથી આવી રહી હતી. ત્યારે અજાણ્યા શખ્સે તેણીને બાઈક પર બેસાડી લઈ ગયો હતો.

## અવસાન નોંધ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કમઠાડીયા ગામના સામાજીક કાર્યકર પરેશભાઈ ધુળજીભાઈ જોષીયારા (યુવા પ્રમુખઃ- ભારતીય આદિવાસી અધિકારી પંચ), અર્જુભાઈ ધુળજીભાઈ જોષીયારાના પિતા ધુળજીભાઈ સુકાજી જોષીયારા (નિવૃત્ત મામલતદાર)નું તા.૧૪/૧૨/૨૦૧૮ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સદ્‌ગતનું બેસણું તા.૧૭/૧૮/૧૨/૨૦૧૮ ને સોમવાર અને મંગળવારના રોજ સમય સવારે ૮:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી નિવાસ સ્થાન કમઠાડિયા ખાતે રાખેલ છે. બારમું તા.૨૫/૧૨/૨૦૧૮ ને મંગળવારના રોજ રાખેલ છે.